# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 29-08-2025 Day: Friday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **શીતલ વૈશ્નવ** વાંચે છે.

---

## PM – જાપાનના પ્રવાસે

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 15-મા ભારત–જાપાન વાર્ષિક શિખર સંમેલનમાં ભાગ લેવા જાપાન પ્રવાસે છે. પ્રધાનમંત્રીનો જાપાનનો આઠમો પ્રવાસ હશે. જ્યારે જાપાનના પ્રધાનમંત્રી શિગેરુ ઇશિબા સાથે આ તેમની પહેલી શિખર બેઠક હશે. વિદશ મંત્રાલયે જણાવ્યું, આ પ્રવાસ દરમિયાન બંને પ્રધાનમંત્રી બંને દેશ વચ્ચે વિશેષ વ્યૂહાત્મક અને વૈશ્વિક ભાગીદારીની સમીક્ષા કરશે.

**-------------------------------------------------------------------------------------**

## IT મંત્રી : સેમિકન્ડક્ટર પ્લાન્ટ

કેન્દ્રીય ઇલેક્ટ્રોનિક્સ અને આઈ.ટી. મંત્રી અશ્વિની વૈષ્ણવ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગઇકાલે અમદાવાદ નજીક સાણંદમાં સીજી પાવરના પ્રથમ સેમિકન્ડક્ટર આઉટસોર્સ્ડ અસેમ્બિલી અને ટેસ્ટિંગ ફેસિલિટીના પાયલોટ પ્લાન્ટનો શુભારંભ કર્યો.

આ પ્રસંગે સંબોધન કરતા શ્રી વૈષ્ણવે આ પાયલોટ પ્રોજેક્ટને ભારતના સેમી કન્ડક્ટર ઉદ્યોગ માટે સીમાચિહ્નરૂપ ગણાવ્યો હતો. તેમણે કહ્યું કે વર્ષ 2032 સુધીમાં સેમી કંડકટર ક્ષેત્રે વૈશ્વિક સ્તરે ઊભી થનારી માનવ સંસાધનની જરૂરિયાતને ધ્યાનમાં લઈ ભારત સરકારે કુશળ માનવ સંસાધનના નિર્માણ માટે 270 યુનિવર્સિટીને ચિપ નિર્માણ માટેના અત્યાધુનિક સાધન પૂરા પાડ્યા છે.

આ પ્રસંગે સંબોધન કરતાં, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે સેમી કંડકટર ક્ષેત્રે ભારતની પ્રગતિ આવનારા વર્ષોમાં આત્મનિર્ભર ભારતના નિર્માણમાં ગતિ આપશે. સેમી કંડકટર નીતિ ઘડનાર ગુજરાત દેશનું પહેલું રાજ્ય હોવાનું જણાવતા તેમણે કહ્યું કે, દેશમાં સૌથી વધુ 4 સેમી કંડકટર પ્લાન્ટ ગુજરાતમાં સ્થાપિત થઈ રહ્યા છે.

--------------------------------------------------------------------------------

## CM – પ્રાદેશિક સંમેલનો

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, વાઇબ્રન્ટ સમિટની સફળતાથી ગુજરાત આજે વિશ્વના અનેક મોટા ઉદ્યોગગૃહોનું કેન્દ્ર બન્યું છે. ગઇકાલે અમદાવાદમાં વાઈબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક સંમેલન-VGRCના લોગો, વેબસાઈટ અને મોબાઇલ એપ્લિકેશનનો શુભારંભ કરાવતા શ્રી પટેલે જણાવ્યુ, રાજ્યમાં યોજાનાર વાઇબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક સંમેલનો દરેક પ્રદેશની ઔદ્યોગિક - આર્થિક ક્ષમતા અને રોકાણો માટેની સજ્જતાનું મંચ બનશે.

શ્રી પટેલે કહ્યું, 20થી વધુ નીતિથી રાજ્ય સરકારે ગુજરાતને નીતિ સંચાલિત રાજ્ય બનાવ્યું છે. રાજ્યના અલગ અલગ ચાર ઝોનમાં આવા સંમેલનો યોજાશે, જેમાં 9 ઓક્ટોબરે મહેસાણા જિલ્લામાં પ્રથમ વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક સંમેલન યોજાશે. ત્યારબાદ સૌરાષ્ટ્ર, મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં પણ આ સંમેલનોનું આયોજન થશે.

--------------------------------------------------------------------------------

## PM – મન કી બાત

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 31 ઓગસ્ટે આકાશવાણી પર મન કી બાત કાર્યક્રમમાં દેશ અને વિદેશના લોકો સમક્ષ પોતાના વિચારો રજૂ કરશે.

આ માસિક રેડિયો કાર્યક્રમની 125મી કડી હશે. લોકો ટોલ-ફ્રી નંબર

1800-11-7800 દ્વારા કાર્યક્રમ માટે પોતાના વિચારો અને સૂચનો મોકલી શકે છે. તેઓ નરેન્દ્ર મોદી એપ અથવા MyGov પોર્ટલ દ્વારા ઓનલાઈન પણ સૂચનો મોકલી શકે છે. આગામી કડી માટે સૂચનો સ્વીકારવાની આજે છેલ્લી તારીખ છે.

---------------------------------------------------------------------------------------

## રાષ્ટ્રીય રમત-ગમત દિવસની ઉજવણી

આજે રાષ્ટ્રીય રમત-ગમત દિવસ નિમિત્તે જિલ્લાની તમામ શાળાઓ, કોલેજો, યુનિવર્સિટી અને વિવિધ સંસ્થાઓમાં 'ફીટ ઈન્ડિયા'ના શપથ સાથે મેજર ધ્યાનચંદને શ્રદ્ધાંજલિ આપવામાં આવશે.

આ વર્ષે "એક ઘંટા ખેલ કે મેદાન મે !" થીમ પર રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગ દ્વારા સમગ્ર રાજ્ય સહિત કચ્છમાં આજથી ૩૧ ઓગસ્ટ દરમિયાન ત્રણ દિવસ સુધી ગ્રામ્ય કક્ષાએથી લઈને જિલ્લાકક્ષા સુધીના રમત-ગમતના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

૩૦મી ઓગસ્ટે પોલીસ હેડ ક્વાર્ટર ભુજ ખાતે વિવિધ સ્પર્ધાનું આયોજન કરાશે. જેમાં પોલીસ વિભાગની ટીમો સાથે અન્ય સરકારી વિભાગો અને શાળાઓની ટીમો ભાગ લેશે. જયારે, ત્રીજા દિવસ એટલે કે ૩૧મી ઓગસ્ટે ગાંધીધામ ખાતે મહાનગરપાલિકા દ્વારા નાગરિકોને સહભાગી બનાવી 'સાયકલ ઓન સન્ડે'નું આયોજન કરવામાં આવશે. આ ઉપરાંત, કચ્છની તમામ નગરપાલિકાઓમાં વોર્ડવાઈઝ રમતોનું આયોજન કરાશે.

---------------------------------------------------------------------------------------

## નખત્રાણા ખાતે રામદેવપીરનો મળો

નખત્રાણા તાલુકા મથકની ભાગોળે આવેલ બાબા રામદેવપીરનાં મંદિરે સ્થાનકના વિશાળ મેદાનમાં પ્રતિ વર્ષે ભાદરવા સુદ અગિયારસ દરમિયાન ભરાતો લોકમેળો આ વર્ષે આગામી તા. 2 સપ્ટેમ્બરથી 4 સપ્ટેમ્બર મંગળવારથી ગુરુવાર સુધી ત્રિદિવસીય મેળો યોજાશે, તા. 3ના બુધવારે રાત્રે સંતવાણી તથા 4/9ના ગુરુવારે સાંજે 4 કલાકે મલ મલાખડો યોજાશે.

સારાં ચોમાસાંને લઈ સહેલાણીઓ મેળામાં મોટી સંખ્યામાં ઊમટશે એવો વિશ્વાસ આયોજકોએ વ્યક્ત કર્યો હતો.

---------------------------------------------------------------------------------------------------

## ગણપતિ વિસર્જન અંગે અપીલ

ગણપતિ ઉત્સવ નાગરિકોએ ધામધૂમથી ઊજવ્યા બાદ વિસર્જનના સમયે ગણપતિની મૂર્તિને હમીરસર તળાવમાં ન પધરાવી અને નગરપાલિકા દ્વારા કરવામાં આવેલી વ્યવસ્થાને સહયોગ આપી નગરપાલિકાનાં ટ્રેકટરમાં આ મૂર્તિઓ રાખવા સુધરાઈના સેનિટેશન શાખાના અધિકારી દ્વારા ભુજવાસીઓને અપીલ કરાઇ હતી.

---------------------------------------------------------------------------------------------------